# કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીનાં વિદ્યાર્થીઓ હેરિટેજ વોક પર






▶ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, અમેરિકાનાં 10 વિદ્યાર્થીઓને 'ઇન્ડિયા કી ખોજ' કાર્યક્રમમાં 8 દિવસનાં ઇન્ટેન્સિવ મોડ્યુલમાં હોસ્ટ કરી રહ્યુ છે. ત્યારે તેના ત્રીજા દિવસે કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીનાં વિદ્યાર્થીઓ અમદાવાદ શહેરની હેરિટેજ વોક પર ગયાં હતાં. જેમાં તેમણે હાઉસ ઓફ એમજી, પોળનાં ઘરો, ભદ્રનો કિલ્લો, ત્રણ દરવાજા, રાયપુર ભજીયા હાઉસ, કેલિકો મ્યુઝિયમ, હઠિસિંગ પેલેસ વગેરે જેવી અમદાવાદનાં હેરિટેજને માણ્યું હતુ, તેમજ તેનાં વિશેની જાણકારી મેળવી હતી. ત્યારબાદ નીલકંઠ છાયા દ્વારા અમદાવાદ અને તેનાં આર્કિટેક્ચર વિશે વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. તેમજ અમદાવાદ વર્લ્ડ સિટી, હેરિટેજ સિટી-ધ કેસ ઓફ અમદાવાદ વિષય પર અમદાવાદ અને તેની પોળ પર રિસર્ચ કરનાર પુજ ચોમસે આ વિદ્યાર્થીઓને અમદાવાદ શહેર અને તેનાં રિ-ડેવલોપમેન્ટ વિશેની વાત કરી હતી. જેમ તેણે ભદ્રનાં પ્રોજેક્ટ પર ભાર મૂક્યો હતો.